ગુજરાત રાજ્યમા પી.પી.પી ધોરણે
ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન શરુ કરવા
બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ એમવીડી/૧૦૨૦૨૦/૭૬૧/ખ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૩ / ૦૬ / ૨૦૨૨

વંચાણે લીધા –

૧) ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયના નોટીફિકેશન G.S.R 652 (E). તા.૨૩/૦૯/૨૦૨૧

**આમુખ:**

મોટર વાહન અધિનિયમ- ૧૯૮૮ ની કલમ-૫૬ માં ટ્રાન્સપોર્ટ વાહનો માટેના ફીટનેસ સર્ટીફીકેટનાં ટેસ્ટ તથા સર્ટીફીકેટ ઇસ્યુ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ નોન ટ્રાન્સપોર્ટ વાહનોમાં રજીસ્ટ્રેશનને ૧૫ વર્ષ પૂર્ણ થયેથી પુન:રજીસ્ટ્રેશન સમયે ફીટનેસ કરવા તથા કેટલાક વાહનોમાં ગુજરાત મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ ૧૭૨-એ મુજબ પીરીયોડીકલ ઇન્સ્પેકશનની જોગવાઈ છે. જેનો હેતુ રાજ્યમાં રોડ પર મુસાફરોની સલામતી જળવાય અને પ્રદૂષણ ઘટે તે મુજબનો છે.

વાહનોની ફીટનેસની ચકાસણી કરવાની કામગીરી આરટીઓ કચેરીઓમાં મેન્યુઅલ કરવામાં આવે છે. જેને સ્થાને આ કામગીરી ગુણવત્તાસભર, પારદર્શી તેમજ ટેકનોલોજીના ઉપયોગ સહ થઇ શકે એવી વ્યવસ્થા ગોઠવવાની જરૂરિયાત જણાતા કેન્દ્ર સરકારે ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ-૬૩માં પેટા નિયમ-૬ નો ઉમેરો કરી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનની માન્યતા, નિયમન અને નિયંત્રણના ધારા ધોરણો નિયત કરેલ છે. જેમાં ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનની રજિસ્ટ્રેશન પ્રક્રિયા, અરજદારોની યોગ્યતા, conflict of interest, માળખાકીય જરૂરિયાત, મેનપાવરની જરૂરિયાત, રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની વેલિડીટી, પરીક્ષણની પ્રક્રિયા અને પદ્ધતિ, રી-ટેસ્ટની પદ્ધતિ, અપીલની જોગવાઈ, સમયાંતરે કરવાના થતા ઓડિટ અને એસેસમેન્ટ, રજીસ્ટ્રેશન આથોરિટીની સત્તા, ફી ની જોગવાઈ, ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન પર થનાર ટેસ્ટનાં ધારાધોરણો, ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન માટેના ઇક્વિપમેંટના સ્પેસિફિકેશન જેવી તમામ મહત્વની બાબતોને વિસ્તારપૂર્વક આવરી લેવાઇ છે.

જેને ધ્યાને લઇ ગુજરાત રાજ્યમાં પણ કેન્દ્ર સરકારના નોટિફીકેશન મુજબ ફીટનેસ ઇસ્યુ કરવા પીપીપી ધોરણે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનોની સ્થાપના કરી ગુણવત્તાસભર ફીટનેસ ઈન્સ્પેશનની વ્યવસ્થા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ –**

કાળજી પૂર્વકની વિચારણાને અંતે ગુજરાત રાજ્યમાં પીપીપી ધોરણે ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન વિકસાવવાનો સરકારશ્રી દ્વારા નિર્ણય લેવામાં આવે છે. કેન્દ્ર સરકારની નીતિ ઉપરાંત અન્ય બાબતો આવરી લઇ સમગ્ર પ્રક્રિયા સરળ અને સ્પષ્ટ બને તે માટે સરકાર દ્વારા નીચે મુજબની વધારાની બાબતો ઠરાવવામાં આવે છે.

૧) ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન મંજુર કરવા માટે રજીસ્ટરીંગ ઓથોરિટી તરીકે વાહન વ્યવહાર કમિશનરશ્રી રહેશે. જ્યારે આ રજીસ્ટ્રેશન ઓથોરિટીની વિરૂદ્ધની અપીલ સાંભળવા અપીલ અધિકારી તરીકે સચિવશ્રી, વાહન વ્યવહાર વિભાગ રહેશે.

૨) ઓટોમેટેડ ટેસ્ટીંગ સ્ટેશન સ્થાપવા માટે 'પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટીફિકેટ' મેળવવા માટે ઇચ્છુક અરજદારોએ વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીને કેન્દ્ર સરકારના કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ ના નિયમ-૬૩(૬) મુજબ જરૂરી ફોર્મ, ફી અને દસ્તાવેજો સાથે અરજી મોકલી આપવાની રહેશે.

૩) કોઈ એક અરજદાર ૧૦(દસ) કરતાં વધારે સ્ટેશન સ્થાપવા માટેની અરજી કરી શકશે નહીં.

૪) 'પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ' મેળવવાની અરજી કરતા સમયે અરજદાર પાસે કેન્દ્ર સરકારની પોલીસી મુજબ જે જગ્યાએ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન સ્થાપવાનું છે એ જગ્યા પોતાની માલિકીની કે ૧૦(દસ) વર્ષના લીઝ પર લીધેલ હોવી જોઈશે. ૧૦(દસ) વર્ષના લીઝ કરાર વિના 'પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ' ઇસ્યુ કરી શકાશે પરંતુ અરજી મંજૂરીની તારીખથી ૬(છ) માસ સુધીમાં ૧૦(દસ) વર્ષનો લીઝ કરાર રજૂ કરવામાં નહી આવે તો 'પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ' રદ્દ થશે.

૫) 'પ્રિલિમિનરી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ'ની વેલિડીટી ૧૨(બાર) માસની રહેશે. જે દરમિયાન અરજદારે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન તૈયાર કરી કેન્દ્ર સરકારનાં ધારાધોરણો મુજબ 'રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ' ની અરજી કરવાની રહેશે.

૬) ફિટનેસ ટેસ્ટ માટે આવતા વાહન માલિકો પાસેથી ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનના સંચાલક કેન્દ્રીય મોટર વાહન નિયમો-૧૯૮૯ના નિયમ ૮૧માં નિયત થયેલ ટેસ્ટ ફી વસૂલી શકશે. જ્યારે ફિટનેસ સર્ટિફિકેટ ફી હાલની કાર્યરીતિ પ્રમાણે વાહન માલિકે સરકારશ્રીને સીધી ચૂકવવાની રહેશે.

૭) ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન પર ટેસ્ટ માટેના બુકિંગથી લઈ પરિણામ સુધીની સમગ્ર પ્રક્રિયા કેન્દ્ર સરકાર ની જોગવાઈ મુજબ ઓનલાઈન રહેશે અને તેનો રિપોર્ટ સંબંધિત પ્રાદેશિક / સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીને દૈનિક ધોરણે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનના સંચાલકે મોકલવાનો રહેશે.

૮) ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન દ્વારા આપવામાં આવેલા વાહનનાં ફીટનેશ ટેસ્ટના પરિણામ સામે અપીલ સાંભળનાર અપીલ સત્તાધિકારી તરીકે જે-તે રીજીયનના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી રહેશે.

૯) પીપીપી ધોરણે ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન સ્થાપવા માટે પસંદગી પામતી એજન્સીએ મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ દ્વારા ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશનો વિકસાવવા અંગે તા.૨૩/૦૯/૨૦૨૧નાં રોજ બહાર પાડવામાં આવેલ આખરી જાહેરનામાની તમામ શરતો, નિયત કરાયેલ માપદંડો, કાર્યપધ્ધતિ અને સેન્ટર ચલાવવાની કાર્યવાહી અંગેની તમામ શરતોનું પાલન કરવાનું રહેશે તથા આ અંગે વખતો-વખત ભારત સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા જાહેરનામાની બોલીઓ અને શરતોનું પાલન કરવા તેમજ રાજ્ય સરકાર દ્વારા જે કોઇ સૂચનાઓ અપાશે તેનું પણ પાલન કરવાની શરતોને આધીન મંજુરી આપવામાં આવશે.

કેન્દ્ર સરકારની વંચાણે લીધા (૧) ની સુચનાઓથી નિયત થયેલ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ વખતો-વખત થતા સુધારાઓને અનુસરવાનુ રહેશે. આ ઠરાવની શરતો તે ઉપરાંત વધારાની રહેશે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગ મારફત સરકારશ્રીની તા. ૨૨/૦૬/૨૦૨૨ના રોજ મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.ભટ્ટ)
નાયબ સચિવ
બંદરો અને વાહન વ્યવહાર વિભાગ
સચિવાલય ગાંધીનગર

**નકલ રવાનાઃ -**

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર (પત્ર દ્વારા ).
- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વાહન વ્યવહાર કમિશ્નરશ્રી, ગુ.રા., વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર તરફ આગળની કાર્યવાહી અર્થે.
- સીસ્ટમ મેનેજર,બંદરો અને વાહન વ્યવહાર વિભાગતરફ ઠરાવની નકલ વિભાગની વેબ સાઈટ પર ઉપલબ્ધ કરવાની વિનંતીસહ .
- શાખા પસંદગી ફાઈલ.